## બીસીજીની રસી (બેસિલ કામેટ-ગ્યુરિન)

આ ટીબી સામે રક્ષણ આપવામાં સહાય કરે છે. આ ટીબીના જીવાણુંઓની નબળી કરેલી હારમાળા હોય છે જે રોગકારક નથી હોતી. તે પ્રતિકારક શક્તિનું નિર્માણ કરીને શરીરને ટીબી સામે લડવા માટે તૈયાર કરે છે. બીસીજી ટીબી સામે રક્ષણ આપે છે, પરંતુ આ રસી આપી હોય તે દરેકનું તે રક્ષણ કરતી નથી.

૨૦૦૫ માં બીસીજીના કાર્યક્રમમાં થયેલા ફેરફાર બાદ, યુનાઇટેડ કિંગડમમાં સેકન્ડરી શાળાઓમાં બાળકોને પૂર્વક્રમ અનુસાર બીસીજી આપવામાં આવતી નથી. તેના સ્થાને ટ્યુબરક્યુલોસિસ (ટીબી)નું વધુ જોખમ ધરાવતાં હોય તેવા શિશુઓ, બાળકો તથા કુમળાં વયસ્કો માટે લક્ષિત કાર્યક્રમ કરવામાં આવે છે.

## બીસીજી લેવાની જરૂર કોને હોય છે ?

સ્વાસ્થ્ય વિભાગના સૂચન મુજબઃ

- ૧૨ મહિનાથી નાનાં શિશુઓ, જન્મેલાં અથવા જ્યાં કેસની સંખ્યા વધુ (અર્થાત્પ્રતિ ૧૦૦,૦૦૦ લોકોમાં વર્ષે ૪૦ થી વધુ કેસો)હોય તેવા વિસ્તારોમાં રહેતાં, અથવા જેમનાં માતાપિતા અથવા દાદા-દાદી ટીબીના કેસની ઊંચી સંખ્યા ધરાવતા હોય તેવા દેશમાં જન્મ્યા હોય.
  *જો આપનું બાળક આ શ્રેણીમાં આવતું હોય તો આપની દાયણ અથવા સ્વાસ્થ્ય મુલાકાતીએ આપમેળે બીસીજીની સગવડ કરવી જોઇએ. આપને કોઇ પ્રશ્ન હોય તો આપે તેમની સાથે વાત કરવી જોઇએ.*
- બીસીજી ન આપી હોય તેવાં મોટી વયના બાળકોને ટીબીના ભયસ્થાન માટે તપાસવા જોઇએ અને યોગ્ય હોય તો તેમને રસી મૂકવી જોઇએ. કેસની ઊંચી સંખ્યા ધરાવતા દેશો અથવા આવા દેશમાં જન્મેલાં માતાપિતા અથવા દાદીને કારણે સામાન્ય રીતે ભયસ્થાનો ઊભાં થતાં હોય છે.
  *જો આપને લાગતું હોય કે આપના બાળકને વધુ જોખમ છે અને તેમને રસી નથી મુકી, તો સ્થાનિક ઇમ્યુનાઇઝેશન કો-ઓર્ડિનેટરની સલાહ લેવા માટે કૃપા કરીને આપના સ્વાસ્થ્ય મુલાકાતી, વ્યાવસાયિક નર્સ અથવા જીપીનો સંપર્ક કરો.*

અન્ય ચોક્કસ સમૂહો અથવા વ્યક્તિઓ પણ છે જેમને ટીબીનું જોખમ વધુ હોય છે.

- ફેફસામાં ટ્યુબરક્યુલોસિસ હોય તેવા લોકો સાથે ગાઢ સંપર્ક.
  *જો આપ આ શ્રેણીમાં આવતાં હો તો સ્થાનિક જન સ્વાસ્થ્ય સેવા આપની ઓળખ કરી લેશે અને આપનો સંપર્ક કરશે.*
- વ્યાવસાયિક સમૂહો જેમ કે સ્વાસ્થ્યસંભાળમાં, વડીલો સાથે, બેઘરો તથા નિરાશ્રિતો માટેની હોસટેલમાં કાર્ય કરનાર, લેબોરેટરી સ્ટાફ, જેલના કર્મચારી તથા પશુચિકિત્સાનો સ્ટાફ.
  *જો આપ આમાંના કોઈ સમૂહમાં હો, આપની વય ૩૫ થી ઓછી હોય (રિસર્ચ જણાવે છે કે ૩૫ થી વધુ વયના લોકો પર બીસીજીની અસર ખૂબ ઓછી હોય છે) અને આપને પહેલાં રસી ન મૂકી હોય, તો આપે બીસીજી માટે આપના વ્યાવસાયિક સ્વાસ્થ્ય અથવા પર્સોનેલ ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવો જોઈએ.*
- ૧૬ થી ઓછી વયની વ્યક્તિઓ કે જેઓ ટીબીના કેસની ઊંચી સંખ્યા ધરાવે છે તેવા દેશમાં સ્થાનિક લોકો સાથે ત્રણ મહિનાથી વધુ સમય માટે રહેવાના છે.
  *જો આપ આ સમૂહમાં હો અને આપને પહેલાં રસી ન મૂકી હોય તો આપને બીસીજીની જરૂર પડી શકે છે, પરંતુ એનએચએસ પરથી આપને રસી ન મળે તેમ બની શકે. આપે વ્યક્તિગત રીતે બીસીજી મેળવવી પડે. વધુ વિવરણ માટે નીચે જુઓ.*

## પરંતુ મને બીસીજી જોઇએ છે, તો શું હું તે મેળવી શકું ?

જો આપ સૂચિત કરેલા સમૂહોમાં સામેલ ન હો તો આપને બીસીજીની સલાહ આપવામાં આવતી નથી, અને આપને તે એનએચએસમાંથી મળી નહીં શકે.

## મુસાફરી માટે બીસીજી

નિયમિત મુસાફરી માટેની રસી તરીકે બીસીજીની સલાહ આપવામાં આવતી નથી.

૧૬ થી ઓછી વયની વ્યક્તિઓ કે જેઓ ટીબીના કેસની ઊંચી સંખ્યા ધરાવે છે તેવા દેશમાં સ્થાનિક લોકો સાથે ત્રણ મહિનાથી વધુ સમય માટે રહેવાના છે અને જેમણે બીસીજી ન લીધેલી હોય તેમને બીસીજીની જરૂર છે કે નહીં તે જાણવા માટે ત્વચા ટેસ્ટ કરાવવાની સલાહ આપવામાં આવે છે.

સામાન્ય રીતે, મુસાફરી માટે બીસીજી તથા તેનું પરીક્ષણ ગુપ્ત રીતે થવું જોઇએ. કેટલાંક ટ્રાવેલ ક્લિનિક્સ્ આ સેવા આપે છે પરંતુ કિંમતો જુદી જુદી હોય છે અને આગોતરો ફોન કરીને કિંમત જાણવી તે સલાહભર્યું છે. MASTA ટ્રાવેલ ક્લિનિક્સ્ યુકેમાં છે અને કેટલાંક, બધાં નહીં, બીસીજી આપે છે. તેમની વેબસાઇટ www.masta.org પરથી આપ આપની નજીકનું ક્લિનિક શોધી શકો છો.

જો આપ લંડનમાં રહેતાં હો, તો મોટા ભાગના મુખ્ય રેલ્વે સ્ટેશનો પરના મેડિસેન્ટર નામના ક્લિનિક્સ્બીસીજી આપે છે. તેમની વેબસાઇટનું સરનામું છે www.medicentre.co.uk અથવા આપ 0870 600 0870 પર તેમને ફોન કરી શકો છો. જો આપને આ સેવા આપનાર ક્લિનિક શોધવામાં મુશ્કેલી થતી હોય તો આપ ટીબી એલર્ટને વધુ માહિતી માટે 0845 456 0995 પર ફોન કરી શકો છો.

## ટીબી શું છે ?

ટીબી એ બેક્ટેરિયાથી લાગતો ચેપ છે જે સામાન્ય રીતે ફેફસાંને અસર કરે છે શરીરના કોઇ પણ ભાગને અસર કરી શકે છે. ટીબી સામાન્ય રીતે ૬ મહિના સુધી નિયમિત દવા લેવાથી મટી શકે છે. ફક્ત ફેફસાંનો અથવા ગળાનો ટીબી ચેપી હોઇ શકે છે અને મોટા ભાગના લોકો યોગ્ય દવા ચાલુ કર્યાના બે સપ્તાહ સુધી ચેપી હોતાં નથી.

## તે કેવી રીતે પકડાય છે ?

જ્યારે ફેફસાંનો કે ગળાનો ટીબી ધરાવનાર વ્યક્તિ ખાંસી કે છીંક ખાય છે ત્યારે જીવાણુંઓ નાનાં છાંટા રૂપે હવામાં ફેલાઇ શકે છે અને અન્ય લોકો તેમને શ્વાસમાં લે છે. ટીબીથી અસરગ્રસ્ત થનાર એ લોકો હોય છે જેઓ ટીબી ધરાવનાર વ્યક્તિ (સામાન્ય રીતે સાથીદાર અને એક જ ઘરમાં રહેતી અન્ય વ્યક્તિ, અથવા અસામાન્યરૂપે નજીકના સહકાર્યકર) સાથે ખૂબ સમય ગાળતાં હોય છે. એ વાત ખૂબ અસ્વાભાવિક છે કે કોઇને બસ અથવા ટ્રેનમાં ટીબીનો ચેપ લાગે, કારણ કે ચેપ લાગવા માટે અસરગ્રસ્ત વ્યક્તિ સાથે ગાળેલા કલાકોની સંખ્યા સામાન્ય રીતે મહત્ત્વની હોય છે. થૂંકવાથી કે વસ્તુઓ વહેંચવાથી ટીબી ફેલાતો નથી.

યુકેમાં, ટીબી થવાનું જોખમ ધરાવતાં લોકો એ છે જેઓઃ

- ચેપી કેસ સાથે લાંબા સમયથી સંપર્કમાં હોય;
- જ્યાં ટીબી હજુ સામાન્ય હોય તેવા સ્થળોમાં રહેતાં હોય;
- એચઆઇવી અથવા અન્ય તબીબી પરિસ્થિતિને કારણે નબળી પ્રતિકારક શક્તિ ધરાવતાં હોય
- બેઘરપણું, શરાબીપણું અથવા ડ્રગના દુરુપયોગ જેવા સામજિક કારણે ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા ધરાવતાં હોય

સામાન્ય જનતા કરતાં નાનાં બાળકો તથા ખૂબ મોટી વયના લોકોને ટીબી થવાનું જોખમ વધુ છે.

ચેપ તથા સક્રિય રોગ વચ્ચે બહુ મોટો તફાવત છે; લોકોને ચેપ લાગ્યો હોઇ શકે છે પરંતુ તેઓ માંદા ન હોઇ શકે (આ છુપો ટીબી કહેવાય છે), કારણ કે મોટા ભાગના લોકોની  પ્રતિકારક શક્તિ બેક્ટેરિયાને સક્રિય થવાથી રોકે છે. સક્રિય ટીબી જ બીજા  લોકોને ચેપ લગાડી શકવાની શક્યતા ધરાવે છે.

## મારી વય નાની હતી ત્યારે મેં બીસીજીની રસી લીધી નહોતી - યુકેમાં ટીબી વધી રહ્યો હોવાથી શું હવે મારે તે લેવી જરૂરી છે ?

૨૦૦૫ પહેલાં જ્યારે બીસીજીના શાળાકીય કાર્યક્રમોનો અંત આવ્યો, ત્યારે આપણામાંના મોટાભાગના લોકોએ શાળા કાળ દરમિયાન ૧૩ વર્ષની આજુબાજુ બીસીજીની રસી લીધી હશે. જો આપે રસી લીધી ન હોય (આપણામાંના ૩૦% લોકોએ નથી લીધી), તો હવે તે લેવાથી કોઇ ફાયદો થશે નહીં. બીસીજીની અસર લગભગ ૧૫ વર્ષ સુધી થતી હોવાનું મનાય છે અને રિસર્ચ જણાવે છે કે જો તે બીજી વાર આપવામાં આવે તો તેની અસર ખૂબ ઓછી હોય છે અને ૩૫ થી વધુ વયની વ્યક્તિઓ પર ખૂબ ઓછી અસરકારક હોય છે. મોટાભાગના લોકો માટે ટીબી થવાનું જોખમ ખૂબ ઓછું છે અને ટીબી રોકવાનો સૌથી સારો ઉપાય છે કે જેમને ટીબી થયો છે તેમને મટાડવો અને તે રીતે તેને ફેલાતો અટકાવવો.

guj_63796 BCG.indd 1 6/11/2009 1:03:59 PM

## બીસીજી રસી કેવી રીતે આપવામાં આવે છે ?

ટીબી બેક્ટેરિયા સામે પ્રતિરોધક શક્તિની પ્રતિક્રિયા તપાસવા માટે પહેલાં ત્વચાનો ટેસ્ટ લેવામાં આવે છે. સામાન્ય રીતે, ૬ વર્ષથી ઓછી વયના બાળકો માટે રસી પહેલાં ટેસ્ટની જરૂર પડતી નથી, સિવાય કે તેમનો સંપર્ક ચેપી ટીબી સાથે હોય અથવા તેઓ ટીબીના કેસની ઊંચી સંખ્યા ધરાવતા દેશમાં ત્રણ મહિનાથી વધુ સમય માટે રહ્યા હોય. ત્વચા ટેસ્ટ મૅન્ટોક્સ ટેસ્ટ કહેવાય છે અને તેમાં ત્વચાના ઉપરના સ્તરમાં નાનું ઈન્જેક્શન આપવામાં આવે છે. આમાં થોડું ખૂંચે છે પરંતુ તેમાં સામાન્ય રીતે લાંબા સમય સુધી પીડા થતી નથી. આમાં બે પ્રકારના બ્લડ ટેસ્ટ હોય છે જેનો ઉપયોગ થઈ શકે છે અને અન્ય ટેસ્ટનો વિકાસ પણ કરી શકાય છે.

ત્વચા ટેસ્ટના થોડા દિવસ બાદ ત્વચાની પ્રતિક્રિયા જાણવા માટે ક્લિનિકની ફરી મુલાકાત જરૂરી બને છે અને ત્યાર બાદ નકારાત્મક ત્વચા ટેસ્ટ બાદ ત્રણ મહિના સુધી બીસીજી આપી શકાય છે. હાથના ઉપરના ભાગની ત્વચામાં ઈન્જેક્શન તરીકે રસી આપવામાં આવે છે. શરૂઆતમાં, એક નાની નિશાની દેખાશે જે ૪-૬ કલાકમાં અદ્રશ્ય થઈ જશે.

## બીસીજી ઈન્જેક્શન બાદ શું થાય છે ?

ઈન્જેક્શન આપેલી જગ્યા થોડા દિવસ માટે આળી લાગશે પરંતુ આમાં સામાન્ય રીતે ચિંતા કરવા જેવું નથી. તેના કારણે કોઈને માંદગી કે તાવ આવે તે સંભવ નથી.

થોડા દિવસ બાદ એ જગ્યા પર ગઠ્ઠો દેખાશે. આ એક નાના ચકામા અથવા ચાંદામાં રૂપાંતરિત થઈ શકે જેમાંથી પાણી અથવા રસી નીકળે. કૃપા કરીને તેને દબાવશો નહીં ! તેને હવામાં ખુલ્લું રહેવા દો, કારણ કે આમ કરવાથી તેને મટવામાં સહાય થશે. પોપડી બાઝી હોય તો તેને ઉખાડવાનો પ્રયત્ન ન કરશો. કોઈ કોઈ વાર ડ્રાય ડ્રેસિંગ વડે તેની કાળજી લેવાની જરૂર પડી શકે છે. ધોવું, નહાવું, તરવું વગેરે સામાન્ય રીતે થઈ શકે છે પરંતુ તે જગ્યા કોરી કરતી વખતે કાળજી રાખવી જરૂરી છે. જગ્યા પર રૂઝ આવવા માટે રસી લીધા બાદ લગભગ ૮ સપ્તાહનો સમય લાગશે.

હાથના ઉપરના ભાગમાં એક નાનો ગોળાકાર ઘા રહી શકે છે. ટીબી સામે પ્રતિરોધક પ્રતિભાવ ઘડવા માટે બીસીજીને લગભગ છ સપ્તાહનો સમય લાગે છે.

જ્યારે બીસીજી આપવામાં આવે, ત્યારે એ જ હાથ પર ત્રણ મહિના સુધી અન્ય કોઈ પ્રકારની રસી મૂકવી ન જોઈએ. અન્ય સક્રિય રસીઓ (જેમાં બીસીજી, ઓરી, ગાલપચોળિયા, એમએમઆર, રુબેલાનો સમાવેશ થાય છે) બીસીજી મૂકવામાં આવે ત્યારે જ તે મૂકવામાં આવે તે શ્રેષ્ઠ છે. છતાં, જો તે એક જ સમયે મૂકવામાં ન આવે તો સક્રિય રસીઓ વચ્ચે ૪ સપ્તાહનો વિલંબ સૂચવવામાં આવે છે.

## જો આપને નિમ્નલિખિત કોઈ લક્ષણ હોય તો ત્વચા ટેસ્ટ અથવા બીસીજી પૂર્વે આપના ડોક્ટર અથવા નર્સને જાણ કરો

- એચઆઈવી પોઝિટિવ હોવું
- ગંભીર રોગ
- ભૂતકાળમાં અથવા હાલમાં ટીબીની પરિસ્થિતિ
- પદ્ધતિસરની સ્ટિરોઈડ પર હોવું
- ભૂતકાળમાં હકારાત્મક ટીબી ત્વચા ટેસ્ટ
- ગત ૪ સપ્તાહમાં સક્રિય રસી આપી હોય
- પહેલાં બીસીજી રસી લીધી હોય
- ગર્ભવતી હો અથવા ધાવણ આપતાં હો
- ઊંચું તાપમાન અથવા તાવ
- ગાંઠિયો તાવ અથવા કોઈ પણ પ્રકારનો વાઈરલ ચેપ
- ત્વચાની સામાન્ય સેપ્ટિક સ્થિતિ

ભવિષ્યમાં સંદર્ભ માટે આપ આપના બીસીજી રસીકરણની નોંધ રાખો તે મહત્ત્વનું છે.

**TB Alert** એ એક એવી અદ્વિતીય ધર્માદા સંસ્થા છે કે જેનું કામ યુ.કે.માં ટી.બી. ના રોગ સામે જાગૃતિ લાવવાનું છે અને દર્દીઓને માહિતી પહોંચાડવાના એન. એચ. એસ.ના કાર્યને ટેકો આપવાનું છે. અમો વિકાસશીલ દેશોમાં યોજવામાં આવતી પરિયોજનાઓને ટેકો આપવાનું કામ કરીએ છીએ અને સાથે-સાથે એ બાબતે ખાતરી કરીએ છીએ કે દરેકે દરેક દર્દીઓને જરૂરી સારવાર બરોબર મળતી રહે . આપના અમૂલ્ય સહયોગથી આપણે ટી.બી. વિષે એક વિશ્વવ્યાપી સકારાત્મક અસર ઊભી કરી શકીએ કે જેથી કરીને અનેકની જીંદગી બચાવી શકાય.

**TB Alert**,
Community Base,
113 Queens Road,
Brighton BN1 3XG
ટેલીફોન: 01273 234030

વધુ માહિતી અથવા આ પુસ્તિકાની વધુ કોપી મંગાવવા માટે, કૃપા કરીને 01273 234 770 પર (ઓફિસ સમય દરમિયાન) ફોન કરો.

ડોનેશન અથવા ટીબી એલર્ટને સ્વયંસેવા આપવા માટે 01273 234 784 પર (ઓફિસ સમય દરમિયાન) ફોન કરો.

અથવા અમારી વેબસાઈટ www.tbalert.org પર જાઓ.


**ટીબીના સૌથી સામાન્ય લક્ષણોમાં આનો સમાવેશ થાય છે:**

- ત્રણ સપ્તાહથી વધુ ચાલતી ખાંસી જેના માટે દવા અસર ન કરે અને વધુ વકરતી જાય
- તાવ (ઊંચું તાપમાન)
- રાતે એટલો પરસેવો થાય કે ચાદર બદલવી પડે
- કોઈ કારણ વિના વજન ઘટવું
- થાક (શક્તિનો અભાવ અથવા અતિશય થાક)
- સૂજેલી ગાંઠ
- ખાંસીમાં લોહી આવવું (આ જવલ્લે જ થાય છે પરંતુ તેમાં તાત્કાલિક તબીબી સારવારની જરૂર પડે છે)

આ બધાં ચિહ્નો અન્ય કોઈ સમસ્યાના હોઈ શકે છે, પરંતુ જો આપને તેમાંના ત્રણ કે તેથી વધુ ચિહ્નો હોય અને આપ ચિંતિત હો તો આપે આપના સ્થાનિક સર્જરી અથવા ક્લિનિકમાં ડોક્ટર અથવા નર્સની સલાહ લેવી જોઈએ.

Stop Tuberculosis Worldwide

# ટ્યુબરક્યુલોસિસ (ટીબી) અને બીસીજી રસીકરણ



NHS